# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODIES ELECTIONs

રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા પણ મતદાનમથકો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

સાબરકાંઠાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે , પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં મતદાન માટે મતદારોની લાંબી કતાર લાગી છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે , હાલોલ નગરપાલિકાના કુલ નવ વૉર્ડની 36 બેઠક માટે અત્યાર સુધીમાં સરેરાશ મતદાન 16.58 ટકા , કાલોલ નગરપાલિકાના સાત વૉર્ડની 28 બેઠક માટે 20.89 ટકા સરેરાશ મતદાન નોંધાયું છે. જ્યારે ગોધરા નગરપાલિકાના વૉર્ડ નંબર સાતની એક બેઠક માટે સરેરાશ 4.44 ટકા મતદાન થયું છે. ગોધરાનાં 75 વર્ષનાં મતદાર રુકૈયાબેન ટીલડીએ પોતાના પરિવાર સાથે મતદાન કરી યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી.

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે , જિલ્લાની 34 બેઠક માટે 77 બૂથ પર મતદાન થઈ રહ્યું છે. યુવાનો , મહિલાઓ અને 100 વર્ષ સુધીની વયનાં મતદાર મતદાનમથકે પહોંચી રહ્યાં છે.

અમરેલીમાં નગરપાલિકાની 2 બેઠક, દામનગર 2 બેઠક, સાવરકુંડલા એક બેઠક અને ધારી તાલુકા પંચાયતની એક બેઠકનું મતદાન ચાલી રહ્યું છે. સાવરકુંડલાની પેટા-ચૂંટણીમાં આયુર્વેદ તબીબ લગ્ન પહેલા મતદાન કરવા મતદાન કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. દરમિયાન તેમણે દરેક મતદારને મતદાનની અપીલ પણ કરી હતી.

...2...

(બાઈટઃ ડૉ. હાર્દિક જ્યાણી, આયુર્વેદ તબીબ, અમરેલી)

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે બપોરે 1 વાગ્યા સુધીમાં ચાણસ્મા નગરપાલિકા માટે 42.78 ટકા મતદાન થયું છે. તો હારીજ નગરપાલિકામાં 44.97 ટકા , રાધનપુર નગરપાલિકા માટે 33.98 અને સિદ્ધપુર નગરપાલિકામાં વોર્ડ નંબર 1માં 15.11 અને વોર્ડ નંબર 7 માં 18.88 ટકા મતદાન નોંધાયું છે.

પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે , જિલ્લાના રાણાવાવ અને કુતિયાણા બંને શહેરની નગરપાલિકાની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલ વચ્ચે લોકો મતદાન કરી રહ્યા છે. બપોરે 11:00 વાગ્યા સુધીમાં કુતિયાણામાં 23.21 ટકા અને રાણાવાવમાં 18.12 ટકા મતદાન થયું છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , બપોરે 11 વાગ્યા સુધી થાનગઢ નગરપાલિકા માટે 19.98 ટકા , લીંબડી નગરપાલિકાના વોર્ડ નંબર 1 માટે 9.51 ટકા તથા ધ્રાંગધ્રા નગરપાલિકાના વોર્ડ નંબર માટે 14.12 ટકા મતદાન થયું છે.

. . . . . . . . . . . .

# US DEPORT

અમેરિકાથી પરત મોકલાયેલા રાજ્યના 8 લોકો બીજી ઉડાન દ્વારા આજે સવારે અમદાવાદ હવાઇ મથક ખાતે આવી પહોંચ્યા હતા. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે હવાઇમથક પર સ્થાનિક પોલીસ, IB અને SOG સહિતની ટીમ હાજર રહી હતી. એક બાળક સહિત 6 લોકોને લઈને મહેસાણા પોલીસ

હવાઇમથકથી રવાના થઈ હતી. જ્યારે ગાંધીનગરના 2 લોકોને જિલ્લા પોલીસ તેમના વતન પહોંચાડશે.

. . . . . . . . . . . .

## GOVERNOR EXAM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે એક ખાસ લેખ લખીને વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે માર્ગદર્શન આપ્યું છે. આ લેખમાં શ્રી દેવવ્રતે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ પરીક્ષાથી ડરવાની જરૂર નથી. આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારોથી જ સફળતા મળી શકે છે. તેઓએ પરીક્ષા માટે સમયનો યોગ્ય ઉપયોગ કરવા પણ જણાવ્યું.

. . . . . . . . . . . .

## NAVSARI KHEL MAHAKUMBH

નવસારીના બીલીમોરામાં યોજાયેલી ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત દક્ષિણ ઝોનની હેન્ડબોલની સ્પર્ધાઓના વિજેતાઓ જાહેર કરાયા. જેમાં અંડર 14 ભાઈઓની સ્પર્ધામાં નર્મદાની ટીમ વિજેતા તથા સુરત શહેરની ટીમ રનર્સ અપ અને બહેનોમાં વલસાડની ટીમ વિજેતા તથા સુરત શહેરની ટીમ રનર્સ અપ થઈ હતી. અંડર 17 ભાઈઓમાં નર્મદાની ટીમ વિજેતા તથા નવસારીની ટીમ રનર્સ

અપ અને બહેનોમાં નર્મદાની ટીમ વિજેતા તથા નવસારીની ટીમ રનર્સ અપ થઈ. આ સ્પર્ધામાં વિજેતા ટીમોને સન્માનિત કરાઇ હતી.

. . . . . . . . . . . .

# GIR SOMANATH -RET KHANAN

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ખાતે મહેસૂલ વિભાગ, ખાણ અને ખનીજ કચેરી, તેમજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની સંયુક્ત ટુકડી દ્વારા ખનીજના ગેરકાયદેસર ખનન કરતાં લોકો પર કડક કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ દરમ્યાન અંદાજિત 60 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સૂત્રાપાડાના પ્રાચી ખાતે બે ગાડીને બ્લેક ટ્રેપ અને એક ગાડી સાદી રેતી ખનીજના ગેરકાયદેસર ખનન અને વહન માટે પકડવામાં આવી હતી.

. . . . . . . . . . . .

## PRANI KALYAN PAKHVADIYU

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી 13 માર્ચ 2025 સુધી ‘પ્રાણી કલ્યાણ પખવાડીયું તથા ‘પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ’ની ઉજવણી કરાશે. આ ઉજવણીનો પ્રારંભ ગત 14 જાન્યુઆરી 2025એ કરાયો હતો, જેનો સમયગાળો વધારીને 13 માર્ચ 2025 સુધી કરવામાં આવ્યો છે. આ દરમિયાન રાજ્યભરમાં આધુનિક પશુપાલન પદ્ધતિઓ અંગે નાગરીકોમાં

જનજાગૃતિ વધારવા અને પશુધનના કલ્યાણને પ્રોત્સાહન આપવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................